# નવા વર્ષના સંકલ્પો (હાસ્ય લેખ)

□ ચીમન પટેલ 'ચમન'

સંકલ્પો કરીને સિદ્ધિ મેળવવાની વાત નવી નથી. ગયા વર્ષે સંકલ્પો કરવાનું જો ભૂલી ગયા હોવ તો આ વર્ષે સંકલ્પો કરવાનું તમને યાદ દેવાડી , તમારી સરળતા માટે કેટલાક સંકલ્પો નીચે ટપકાવ્યા છે. આ સંકલ્પો કરતાં પહેલાં પત્નીને (જો એ ફોન પર જામી ન ગયા હોય તો !),સાસુને (જો એ મંદિરે ન ગયા હોય તો !), ગામમાં રહેતા ભાઈ-બહેનોને (તમારી સાથે બોલવા-ચાલવાના સંબંધો રાખતા હોય તો !) પૂછીને પછી જ સંકલ્પો કરજો. સંકલ્પો આખા વર્ષ માટે કરવા એવું નથી. ફાયદાઓ દેખાતા-મળતા બંધ થાય ત્યારે સંકલ્પો પૂરા થયા માની બંધ કરવામાં કોઈ નાનમ નથી !

### (૧) સવારમાં ઊઠતાંની સાથે પ્રથમ પત્નીનું મોં જોવું

કારણ : ભગવાનનું મોં જોવાનું તો બધા જ કહેતા હોય છે. ભગવાન તો ભલો, ભોળો છે એટલે, એકાદ વર્ષ માટે એનો નંબર બીજો રાખવામાં વાંધો નથી. ભકિત અને ભોગથી ભગવાનને તો મનાવી લેવાશે. પત્નીને જો ખુશ રાખીશું તો આખું વર્ષ ઘરમાં શાંતિનો અનુભવ થશે. ઘરમાં શાંતિ હશે તો મનની શાંતિ પ્રાપ્ત થશે. મન શાંત હશે તો ભગવાનની ભકિત કરવામાં ચિત્તની એકાગ્રતા મેળવી, સાચી ભકિતનો સ્વાદ મેળવી શકાશે.

### (૨) પારકાની પંચાતમાં પહેલાં પડવું

કારણ : ઘરની પંચાત કરવા જઈએ ત્યારે પત્ની ડોળા કાઢે. કોઈક વાર વેલણ લઈને પણ દોડી આવે. ઘરના છોકરાઓ પણ આજકાલ કયાં સાંભળે છે ? ઉપરાંત, ઘરની પંચાત કરીને પોતાના પગ પર કુહાડો મારવો શોભાસ્પદ નથી. પારકાની પંચાતમાં નહિ નહાવા નહિ નીચોવવા જેવું છે. પારકાની પંચાત કરવામાં મિત્રો સાથે વખત પણ વીતી જાય છે. આમેય રાજકારણ અને ધર્મની બાબતમાં આપણી ચાંચ ડૂબે નહિ એટલે, પારકાની પંચાતમાં બહુ જ્ઞાનની પણ જરૂર નહિ. પારકાની પંચાત કરવામાં પૈસા પણ આપવા પડતા નથી. ઘરમાં ચૂપ રહીને સંઘરેલી શકિતને કયાંક તો કાઢવી પડેને !

### (૩) સાસુની સોડમાં બેસવું અને માને મોં નહિ બતાવવું

કારણઃ મા તો મા જ છે. એને મોં નહિ બતાવીએ તોયે એના પ્રેમમાં ઓટ નહિ આવે. સાસુ માટે એવું નથી. માનો પ્રેમ શબ્ દો વાટે વહેતો નથી. સાસુ તો સારા સારા શબ્ દો વાપરી ખુશ કરી નાખે છે. જેમકે, પ્રાણલાલ, પિયુષકુમાર વ.વ. કેટલા બધા વિશેષણો વાપરીને આપણને બોલાવે છે. મા એવું કરતી નથી. મા તો માગ્યા વગર પિરસે પણ નહિ. જયારે સાસુ તો આગ્રહ કરી કરીને જમાડે. માનો પ્રેમ આજીવન ઝરણાની જેમ સતત વહેવાને કારણે કદરદાન રહ્યો નથી. સાસુનો પ્રેમ અલ્પજીવી છોને હોય પણ બે ઘડી માટે એ પ્રેમ નવી ફેશન જેવો છે. સાસુનાં સુવાકયો કાનને સાંભળવા ગમે છે. માની શિખામણની વાતો સાંભળતાં કંટાળો આવે છે. સાસુની વાનગીઓમાં સ્વાદ છેં. સ્વાદિષ્ટ રસોના આપણે શોખીન છીએ. માની રસોઈમાં મમતા છે, પણ એને માણવાની ધીરજ આપણામાં નથી. સાસુના પ્રેમને કારણે પત્ની સાથેના ઝગડા થવાના સંજોગો ઊભા જ થતા નથી. પેલી કહેવત બદલવાનો સમય પાકી ગયો છે કે, ''મા તો મા બીજા બધાં વગડાના વા' ને બદલે 'સાસુ તો સાસુ બીજા બધા સમાજના આંસું !''

### (૪) સાળાઓ સાથે આ વર્ષે સારા સારી રાખવી

કારણઃ લોહીની સગાઈ વાળા સ્વજનો જે સંબંધ રાખે છે એ તો લોકોને બતાવવા પૂરતો જ હોય છે. ખરા કામમાં એ આવતા નથી ! પરિવારમાં જો તમે મોટા હો તો ઘરના બધા અનુજો તમારી પાસેથી બધા પ્રકારની આશા-અપેક્ષા રાખીને જીવે-ફરે. તમારે એ બધા માટે આ જીવન ઘસાઈ મરવાનું ને બદલામાં જશને માથે જૂતાં મળે એ જુદું! સાળાઓ સાથે આ બધું થતું નથી. એમની સાથેના સંબંધમાં નકરા ફાયદા ને ફાયદા છે. એમના ઘેર જવાનું થાય ત્યારે એ લોકો તમારી સેવા સંતોની જેવી કરે. પગ ધોઈ પી જાય ! તમારો પડતો બોલ ઝીલી લે. તમને ભાવતું ભોજન ખવડાવે. તમારે એમની જરુંર હોય ત્યારે દોડતા આવી જાય ને ઊભા પગે તમારું કામ કરે, વગેરે વગેરે. સાળાવેલીઓની શુશ્રૂષાની વાતો તો અખૂટ છે.

### (૫) સંતોની કથામાં જઈ બાનુઓની કથા સાંભળવી.

કારણઃ સંતો એકની એક જ વાત કરતા હોય છે કે જેનાથી સૌ પરિચિત તો હોય છે. એમની વાતોમાંથી હાસ્યના ટુકડાઓ સિવાય કંઈ ગ્રહણ થતું નથી. બાનુઓની વાતોમાં વિવિધતા હોય છે. વાતોની ભૂમિકા, પાત્રો, વાતોના વળાંક વગેરે વગેરે રસદાયક અને કર્ણપ્રિય બની જાય છે. દરેક વાતમાં કંઈને કંઈ નવીનતા નજરે પડે છે. આ જ કારણે કાનને કદી કંટાળો આવતો નથી. એ વાતોથી મગજને માર પડયાનું દુઃખ થયુ નથી. આંખ પણ મારી મીંચાતી નથી. એમની વાતો યાદ પણ રહી જાય છે અને તક મળતાં આપણે ખુદ એ વાતોના કથાકાર બની જઈએ છીએ. સાધુ-સંતોની વાતો તો એમનાથી વિખૂટા પડતાંની સાથે જ 'પાર્કિંગ લોટ'માં જ વિખૂટી પડી જાય છે. બાનુઓની વાતોમાં વખત બગાડ્યા જેવું નથી લાગતું ! સાધુ-સંતોની વાતો તો ઘડી ઘડી આંખ બંધ કરી સાંભળવા ખાતર જ સાંભળીએ છીએ.

## (૬) રવિવારે રસોડું બંધ રાખવું.

કારણઃ આમેય ઘરવાળી કાયમ બૂમો પાડે છે કે 'એ' કયારેય ખાવા બહાર લઈ જતા નથી. ગામમાં મંદિરોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. મંદિરમાં જવાથી બેવડો ફાયદો થાય છે. ભગવાનના દર્શનથી મનનું અને પ્રસાદથી તનનું કામ થાય છે. આમ, એક પંથ ઔર દો કાજ ! રસોડાની રજામાં ધર્મપત્નીના મુખ પરનો મલકાટ મુખવાસમાં મળે એ અલગ ! મંદિરની રસોઈમાં જે સ્વાદ માણવા મળે છે એ રેસ્ટોરન્ટમાં પૈસા ખર્ચીને પણ મળતો નથી. મંદિરમાં કેમ નથી આવતા કહેનારા હરિભક્ત મિત્રોનું માન પણ સચવાય છેં ! એટલે જ, આ સંકલ્પ કરવામાં કોઈને પૂછવાની પણ જરુંર નથી !!

## (૭) પ્રમુખની ખુરશી સિવાય ચૂંટણી લડવી નહિ.

કારણઃ પ્રમુખ બનીએતો પત્નીને 'ફર્સ્ટ લેડી' બનવાનો લાભ પણ મળે ને ! આ ખુરશીનો જેટલો વટ પડે છે એટલો બીજી ખુરશીનો પડતો નથી. આ ખુરશીવાળાને જેટલું માન મળે છે એટલું બીજી ખુરશીઓ પર બેસનારને મળતું નથી. વટ પડે નહિ અને માન મળે નહિ એ ખુરશી માટે વખત અને નાણા વેડફી નાખવાનો અર્થ ખરો ? પ્રમુખ બનવાથી નોકરીઓમાં, સગા-સબંધીઓમાં, અમેરિકામાં કે ભારતમાં, સાઉદી કે લંડનમાં જાહેરાત તો કરાય . પ્રમુખ થવાથી કોઈના લગ્નમાં, નવી દુકાન કે નવા ઘરના વાસ્તામાં મુખ્ય મહેમાન બનવાની તક પણ મળે. નાના પ્રમુખમાંથી અનુભવ લઈ મોટા પ્રમુખ બનવાનું ભાથું ભરાય. પત્ની પણ ગર્વથી એના મહિલા મંડળમાં માનનો મોભો મેળવી શકે. ''મારો ધણી તો પ્રમુખ છે !'' વાત વાતમાં એમ કહેવાથી એમનું મન કેટલું પ્રફુલ્લ બની જાય છે એ તો પ્રમુખ બન્યા વગર નહિ સમજાય. પ્રમુખ બન્યા વગર નાણાકીય અને રાજકીય બાબતોમાં નિપુણ પણ ન થવાય !!

## (૮) એક માળના મકાનમાંથી બેમાળ વાળામાં મુવ થવું.

કારણઃ આજકાલ પેટ વધવા માંડ્યું છે. કસરત કરવાનો કંટાળો આવે છે. એ બાબતમાં નિયમિત બનાતું નથી. વ્યાયામના વર્ગોમાં પૈસા પડી જાય છે. મોટું પેટ જોઈ ઘરવાળી પણ બૂમો પાડે છે. એ પૂરતું પીવા કે ખાવા પણ દેતી નથી. બે માળનું મકાન હોય તો સીડી પર ચડ-ઊતર કરીને આપોઆપ કસરત તો કરી શકાય. શેરીઓમાં પાણી ભરાય ને નીચલા માળમાં પાણી ઘુસી જાય તો ઉપલા માળનો આશ્રય તો મળે. બીજા માળની બારીમાંથી સૂર્યના અને સૂર્યકિરણોમાં નહાતી સૂર્યબાનુઓના દર્શન પણ થાય. આજકાલ બધા મિત્રો અને સગાઓ બે માળના મકાનમાં 'મુવ' થવા લાગ્યા છે. અત્યારથી સંકલ્પ કરીએ તો એકલા પાછળ પડી ન જવાય ! સૌની સાથે સુખી કે ....દુખી.... !!

## (૯) કથામાં જવું પણ જમવા ટાણે.

કારણઃ આજકાલ થતી કથાઓ થોડી કંઈ વ્યથા કે વ્યાધિ દૂર કરવા માટે થાય છે. આ તો મિત્રોને એક સામટા જમવા બોલાવવાનો પ્લાન હોય છે. આમેય શ્લોકોમાં કોને સમજણ પડે છે. વહેલા જઈ ભૂમિ પર બેસીને પગની પીડામાં મન કથાબીજમાં સ્થીર તો રહેતું નથી. કાન બંધ રાખી કથામાં સૂનમૂન બેસી ઝોકાં ખાવા કરતાં મોડા જવું વધારે લાભદાયી છે. જમણ માટે બહું રાહ પણ જોવી ન પડે !

## (૧૦)પત્નીને 'એ'થી અને પારકીને 'હની'થી બોલાવવા

કારણઃ ઘરડાઓ કહી ગયા છે કે જેવો દેશ એવો વેશ રાખવો. દેશના વેશની સાથે સાથે એ દેશની વાણી પણ અપનાવવી જોઈએ. 'હની' કહેવાનો અહિનો રિવાજ હજી આપણે અપનાવ્યો નથી. આપણા શાત્રોમાં કહ્યું છે કે, પત્નીને એના નામથી ન બોલાવાય એનું પણ પાલન થશે. તદ્ઉપરાંત 'હની' શબ્દ સાંભળવા જેમને ઈચ્છા છે તેમને સંતોષ પ્રાપ્ત થશે. વાણીદાન જેવું બીજું કોઈ દાન નથી. વગર મૂડીનો આ વેપાર છે. દાન કરવાથી પૂણ્ય જ મળે પાપ નહિ ! શરૂ શરૂમાં 'હની' શબ્દ 'ફની' જરૂર લાગશે પણ, પ્રેક્ટિસ થતાં એ 'યૂ નો..ય ૂનો'ની જેમ આપોઆપ જ મોંએથી સરી પડશે અને 'હની' પછી કોઈને 'ફની' પણ નહિ લાગે !

## (૧૧) સત્યની સાથે ફિફટી ફિફટી જૂઠું પણ બોલવું

કારણઃ સત્ય બોલનારનો આ જમાનો નથી. બોલે(જૂઠું )એના બોર વેચાય છેં. સાચાનું કોઈ સગું નથી. સાચું બોલનાર એકલવાયો અટવાય છે. સત્યનું ફળ મળે ત્યાં સુધીમાં ધીરજ ખૂટી જાય છે. આજકાલ આગળ આવનાર સાચ અને જૂઠનું મિશ્રણ કરીને આવ્યા છે. આમેય સો ટચ સોનાથી જેમ વીટી બનાવી શકાતી નથી તેમ એકલા સત્યને વળગી રહેનારની ઈચ્છા ફળીભૂત થતી નથી. સાચું કહેનારા હોય તો સાચું સાંભળનારા પણ કેટલા ! સાચું કહીને કડવાશ મેળવ્યા કરતાં મોઢાની મીઠાશ ફિફટી ફિફટી જૂઠ ુંબોલીને કેમ ન મેળવવી. સત્યનો સદા વિજય છે એ ખોટું છે. સત્યનો સદા પરાજય છે એ કોર્ટોમાં આપણે કયાં નથી જોતા. ચલચિત્રોવાળા પણ અસત્ય નારાયણના ગીતો બનાવતા થઈ ગયા છે. રાજકારણમાં તો અસત્યની બોલબાલા છે એ તો સૌ જાણે જ છે. સત્ય બોલીને બીકના માર્યા જીવવા કરતાં ફિફટી ફિફટી અસત્યનો આશરો લેવો ખોટો નથી. સત્ય બોલીને

સ્વર્ગમાં ખુરશી મળશે ત્યારે મળશે પણ સત્ય- અસત્યના પ્રયોગો કરીને આજીવન અહિ જ સારા હોદ્દા પરની ખુરશી મેળવી શકાય છે. સો ટકા સત્ય બોલવું કઠિન છે. ફિફટી ફિફટીવાળું કઠીન નથી.

## (૧૨) પગ દબાવવા તો પત્નીના

કારણઃ સંતોના પગ દબાવવાની તક આદેશમાં જલદી મળતી નથી. સંતો કયારેક આવી ગયા હોય તો આપણા જેવા સામાન્ય માનવને એ તક મેળવવા નેવાના પાણી મોભારે ચડાવવા બરાબર બની જાય છે. સંતોના પગ પુરુષો દબાવે એ સમાજ અને સંતવર્ગને શોભાસ્પદ પણ નથી. સંતોના પગ દબાવવા તરફ કોઈ પડકાર નથી. પત્નીના પગ દબાવવાની વાત એક પડકાર છે. સંતોના પગ દબાવીને થયેલા લાભોની વાત કોઈ કરતું નથી પણ, પત્નીના પગ દબાવવાથી થતા લાભોની વાત કોઈ કરે તો દુનિયા માનવા તૈયાર નથી. પત્નીના પગ દબાવવાથી એની આખા જીવનની આપણને કરેલી સેવાનું વળતર મળી જાય છે. આ પ્રયોગ નવો છે એટલે એને અપનાવતાં વાર લાગશે. પત્નીના પગ દબાવવાથી એ પગની સુંદરતા, કોમળતા અને પગની લીધેલી કાળજીની ખબર પડે છે. પત્નીના પગ દબાવવાથી જે કૃપા આપણા ઉપર ઊતરી આવે એને જોઈ દેવો પણ ઈર્ષાના માર્યા બળી ઉઠશે. આવું કાર્ય કરનાર પતિને બીજા પતિગણ પાગલ કે મગજનો અસ્થિર માની એની ઠેકડી ઉડાવશે. પત્નીના પગ દબાવનાર પતિ જેટલો પત્નીથી દબાયેલો નથી તેટલો પગ નહિ દબાવનાર પતિ પત્નીથી દબાયેલો છે એ તો ઊંડા ઊતરીને તપાસીએ ત્યારે ખબર પડે. બહાર વાઘ થઈને એ ભલેને ફરતા હોય, પણ ઘરમાં પ્રવેશ કરતાંની સાથે જ એ ઉંદરડીનું સ્વરૂપ લઈ લે છે એનું શું ? રસોડામાં જઈ રસોઈ કરવી, વાસણો સાફ કરવા, બાળકોને નવડાવવાં, ડાયપર બદલવાં વ. વ. કામો કરવામાં કાયરતા ન જણાતી હોય તો એકાદ વધારે (પગચંપીનું) કાર્ય કરવામાં મૂછ નીચી કયાં થવાની છે ? શાસ્ત્રોમાં કહ્યું છે કે જયાં જયાં નારીઓ પૂજાય છે ત્યાં ત્યાં દેવતાઓનો વાસ છે. પત્નીની પગચંપી એ એક પૂજા નથી ? પત્નીની પગચંપી કરવાથી ભગવાન ખુદ આપણા ઘરમાં આવી વસે એના જેવું બીજું સુખ કયું ?

આ ડઝન સંકલ્પોમાંથી આપને જે યોગ્ય લાગ તે સંકલ્પો કરવાનું તમારા ઉપર જ છોડું છું.

(લેખકના પુસ્તક **‘હળવે હૈયે ’** માંથી સાભાર )